પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૯૩, કુલ પાના:૪, તારીખ: ૧૧-૧૨-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 93 PRICE :-RS. 1.50 DATE : 11-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સરકારે આયુર્વેદિક તબીબને સર્જરીની મંજૂરી આપતા IMA દ્વારા વિરોધ

# જગતના તાત બાદ આજે ૩ લાખ ડોકટરો હડતાળ પર

**★ ઈમરજન્સી અને કોવિડ ડ્યુટી સિવાય તમામ ઓપીડી બંધ રાખવાનું આહવાન.**
**★ ૧૧મીએ દેશભરના તબીબોની હડતાળ, ગુજરાતના ૨૮ હજાર ડોક્ટરો પણ જોડાશે.**



ન્યુ દિલ્હી,
દેશમાં આજકાલ આંદોલનની મોસમ જામી છે એક તરફ ખેડૂતો કૃષિ કાયદાને લઈને વિરોધ કરી રહ્યા છે ત્યારે હવે આ તરફ દેશભરના ડોકટર્સ હવે સરકારને ઘેરવાના મૂડમાં છે. તાજેતરમાં પ્રાપ્ત થયેલી જાણકારી પ્રમાણે, આવતીકાલે દેશભરના ૩ લાખ ડોકટર્સ હડતાળ પર ઉતરવાના છે. ઉલ્લેખનીય છે કે, આયુર્વેદિક તબીબને સર્જરીની મંજૂરી આપવામાં આવતા સરકારના નિર્ણયનો ઈન્ડિયન મેડિકલ અસોસિએશન દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે અને આ વિરોધ અંતર્ગત આજે મેડિકલ સેવા બંધનું એલાન આપવામાં આવ્યું છે.

તમને જણાવી દઈએ કે, આજે ભારતભરના ૩ લાખ ડોકટર્સ હડતાળ પાડવાના છે. જેમાં ગુજરાતના ૨૮ હજાર અને અમદાવાદના ૧૦ હજાર ડોક્ટરો પણ જોડાશે. ૧૧મી ડિસેમ્બરે ઈમરજન્સી અને કોવિડ ડ્યુટી સિવાય તમામ ઓપીડી બંધ રાખવાનું આહવાન કરવામાં આવ્યું છે. ૮ ડિસેમ્બર એ તબીબોએ મર્યાદિત સંખ્યામાં અલગ-અલગ ડોકટર્સના જૂથ બનાવી બેનર્સ અને પ્લે કાર્ડ સાથે ડોકટર્સએ વિરોધ કર્યો હતો. સેન્ટર કાઉન્સિલ ફોર ઈન્ડિયન મેડિસિન દ્વારા એક નોટિફિકેશન બહાર પડ્યું છે જેનો વિરોધ ડોકટર્સ કરી રહ્યા છે. આ નોટિફિકેશન અંતર્ગત અનુસ્નાતક કક્ષાના આર્યુવેદીક ડોકટર્સને ૫૮ પ્રકારની સર્જરી કરવાની મંજૂરી આપવામાં આવી છે.

આ સર્જરીમાં ડેન્ટલ, ઓર્થોપેડિક, ઈ એન્ડ ટી તેમજ જનરલ સર્જરીનો પણ સમાવેશ થાય છે. નેશનલ ઈન્ટિગ્રેટિડ મેડિકલ અસો.નિર્ણયને આવકાર્યો હતો પરંતુ ઈન્ડિયન મેડિકલ અસોસિએશન દ્વારા સરકારના આ નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો છે. સરકારના નિર્ણય મુદ્દે આઈએમએ અને એનઆઈએમએછ આમને સામને આવ્યા છે અને આવતીકાલે ૩ લાખ ડોકટર્સ સરકારના આ નિર્ણયના વિરોધમાં હડતાળ પર ઉતરવાના છે.

## રાજ્યમાં કોરોના વેક્સિન માટે મતદાર યાદીના આધારે ડોર ટૂ ડોર સર્વે શરૂ



ગાંધીનગર,
અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં કોરોનાની વેક્સિનની ટ્રાયલ ચાલી રહી છે. ત્યારે રાજયના તમામ જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી મારફત ૧૦ ડિસેમ્બર(આજથી)થી ૧૩ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવી છે. જેના આધારે આજે વહેલી સવારથી અમદાવાદ,વડોદરા, રાજકોટ, સુરત સહિતના શહેરોમાં સર્વેની કામગીરે શરૂ થઈ ગઈ છે. આ કામગીરી માટે ચૂંટણી દરમિયાન જે રીતે મતદાન મથકદીઠ ટીમની રચના થાય છે, એ રીતે સર્વે ટીમ બનાવીને કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે. સૌથી પહેલા આરોગ્ય વિભાગને વેક્સિન આપવામાં આવશે. રસી આપવા માટે તાલુકા નક્કી કરાયા છે. કોરોનાની રસીકરણની પૂર્વ તૈયારીઓને લઈને વડોદરામાં આજથી ડોર ટુ ડોર સર્વે શરૂ કરાયો છે. વડોદરા જિલ્લામાં ૧૩૧૦ ટીમો દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે.

વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૧ જાન્યુઆરી-૨૦૨૧ રોજ જેમની ઉંમર ૫૦ વર્ષથી વધુ છે અને ૫૦ વર્ષથી ઓછી ઉંમરના, પરંતુ, બિમાર એટલે કે કોમોર્બિડિટી ધરાવતા નાગરિકોના નામ, સરનામા અને મોબાઈલ નંબરનો ડેટા બેઝ તૈયાર કરાશે અને ૧૩ ડિસેમ્બર સુધીમાં સર્વે પૂર્ણ કરીને ૧૪ ડિસેમ્બરે ડેટા એન્ટ્રી સાથે યાદી સરકારને મોકલી દેવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજથી ડોર ટુ ડોર સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે. શહેરના ૯૫૮ જેટલા મતદાન બુથ પ્રમાણે ૧ હજારથી વધારે ટીમ દ્વારા ૫૦ વર્ષથી ઉપરના વ્યક્તિ અને ૧૮ વર્ષથી ૫૦ વર્ષ સુધીની ઉંમરના કેન્સર,હદય રોગ,કિડની જેવી ગંભીર બિમારી ધરાવતા વ્યક્તિઓની યાદી તૈયાર કરવામાં આવી આવશે અને જ્યારે પણે વેક્સિન આવશે ત્યારે આ યાદીના આધારે તેને વેક્સિન આપવાનું આયોજન ગોઠવવામાં આવશે..મહાનગરપાલિકાની ટીમ દ્વારા જે વિસ્તારમાં સર્વે હાથ ધરવામાં આવે છે તેમાં આવા વ્યક્તિઓના મોબાઈલ નંબર,આધારકાર્ડ નંબર સાથેનો ડેટા તૈયાર કરવામાં આવે છે.

આજથી શરૂ થયેલી કામગીરી ચાર દિવસ સુધી ચાલશે અને ડેટા તૈયાર કરીને યાદી રાજ્ય સરકારને મોકલવામાં આવશે. વેક્સિનેશન માટે રાજ્યના તમામ ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકા અને કોર્પોરેશન કક્ષાએ ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ આદેશને પગલે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો, મહાનગરપાલિકાના કમિશનરો અને આરોગ્ય અધિકારીઓએ તૈયારીઓ આરંભી દીધી છે. આ તમામ અધિકારીઓને હેલ્થ વર્કર્સ, કોરોના વોરિયર્સ, વૃદ્ધો અને કો-મોર્બિડિટી ધરાવતા લોકોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. ગુજરાતના અધિકારીઓ કેન્દ્રની ટીમ સાથે કો-ઓર્ડિનેશન કરીને સાથે મળીને કામ કરવામાં લાગી ગયા છે.

## ગુજરાત યુનિ ઓફલાઈનની સાથે ઓનલાઈન પરીક્ષા લેશે, GTU અવઢવમાં


ગાંધીનગર,
ગુજરાત યુનિવર્સિટીએ ઓફલાઈન પરીક્ષા મોકૂફ રાખીને વિદ્યાર્થીઓને ઓફલાઈન સાથે ઓનલાઈન પરીક્ષાનો વિકલ્પ પણ આપ્યો છે. કોરોનાની સ્થિતિ ક્યારે સુધરે તે નક્કી ન હોય યુનિવર્સિટી ફરી વખત ઓનલાઈન પરીક્ષા માટે સજ્જ બની છે. જયારે જીટીયુએ ઓફલાઈન પરીક્ષા મોકૂફ કર્યા બાદ હજુ સુધી ઓનલાઈન પરીક્ષા અંગે વિચાર્યુ નથી. કોરોનાના વધતા સંક્રમણના કારણે મોટાભાગની યુનિવર્સિટીઓ ઓનલાઈનના વિકલ્પ તરફ ઢળવા મજબૂર બની છે. ગુજરાત યુનિવર્સિટીએ બીએસસી, બીએડ, એમએ, એમએસસી, એમકોમના સેમેસ્ટર-૩ અને બીકોમ, બીએ, બીબીએ, બીસીએ સેમેસ્ટર-૫ની ઓફલાઈન પરીક્ષા મોકૂફ જાહેર કરી હતી.

હવે યુનિવર્સિટીએ જે વિદ્યાર્થીઓ ઓનલાઈન પરીક્ષા આપવા માગે છે તેની પાસેથી તા.૧૫ ડિસેમ્બર સુધીમાં પસંદગી આપવા જણાવી દીધું છે. જેને ઓફલાઈન પરીક્ષા આપવી છે તેણે વિકલ્પ આપવાનો રહેશે નહીં. ઓનલાઈન પરીક્ષા એમસીક્યુ સ્વરૂપે લેવાશે. વિકલ્પ પસંદગી માટે વિદ્યાર્થીએ પોતાનો એનરોલમેન્ટ નંબર, મોબાઈલ નંબર તથા ઈ-મેલ દાખલ કરવાનો રહેશે. એકવાર પસંદગી આપ્યા બાદ બદલી શકાશે નહીં. પરીક્ષાની તારીખનો કાર્યક્રમ હવે જાહેર કરવામાં આવશે. બાર કાઉન્સિલે ઓનલાઈન પરીક્ષા નહીં લેવા તાકીદ કરી તે સૂચક છે.

બીજી તરફ જીટીયુએ ઓફલાઈન પરીક્ષા મોકૂફ કર્યા પછી ઓનલાઈન વિશે કશું વિચાર્યુ નથી. એમસીક્યુમાં અમુક પ્રશ્નો પૂછી શકાતા નથી. મેરિટોરિયસ વિદ્યાર્થીઓની ફરિયાદ છે કે તેમને માર્કમાં નુકસાન જાય છે. ઓનલાઈન પરીક્ષામાં વિદ્યાર્થીનું ઈન્સ્ટ્રુમેન્ટ બગડે તો ફરી ચાન્સ આપવો પડે છે.

### ખેડૂતોને ફરી મનાવવામાં લાગી સરકાર, કૃષિ મંત્રીએ કહ્યું-

## ખેડૂતોની સાથે વાતચીત માટે સરકાર તૈયાર, તે નિર્ણય નથી કરી શકતા




ન્યુ દિલ્હી,
કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે ગુરૂવારે નવા કૃષિ કાયદા પર કેન્દ્ર સરકારનો પક્ષ રાખ્યો. તેઓએ કહ્યું કે સરકાર સંસદના છેલ્લા સત્રમાં ૩ કાયદાઓ લઈને આવી હતી. કૃષિ ક્ષેત્રના આ કાયદા, જેમાં કૃષિ ઉપજનો વેપાર અને વાણિજ્ય, મૂલ્ય અને આશ્વાસન સાથે સંબંધિત છે. આ કાયદાઓ પર લોકસભા અને રાજ્યસભમાં તમામ પક્ષના સાંસદોએ ૪-૪ કલાક સુધી પોતાના વિચારો રજૂ કર્યા. લોકસભામાં આ બિલ પસાર થયું. રાજ્યસભામાં ૪ કલાક ચર્ચા ચાલી. તે દિવસે એક અભદ્ર ઘટના પણ વિપક્ષના સભ્યો કરી. આજે ત્રણેય કાયદાઓ લાગુ છે. તેઓએ કહ્યું કે કૃષિ ક્ષેત્રે ખાનગી રોકાણો ગામડાંઓ અને ખેતરો સુધી પહોંચ્યા, જેની સંભાવના લગભગ ઓછી હતી. સરકારે વડાપ્રધાનના નેતૃત્વમાં સતત ખેતી અને ખેડૂતને આગળ વધારવા, ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવા, કૃષક અનુદાન વધારવા માટે કામ કર્યા. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ૨૦૧૪ પહેલાં યુરિયાની અછત જોવા મળતી હતી. રાજ્યને યુરિયાની જરૂરિયાત રહેતી હતી, તે સમયે મુખ્યમંત્રી દિલ્હીમાં ડેરો નાખીને બેસી રહેતા હતા.

બ્લેક માર્કેટિંગ થતું હતું. યુરિયાની લૂંટની ઘટનાઓ પણ ઘટતી હતી. વડાપ્રધાન મોદીએ યુરિયાને નીમ કોટિંગનું કામ કરડાવ્યું અને છેલ્લાં ૬ વર્ષથી દેશમાં ખેડૂતોને યુરિયાની કોઈ જ અછત નથી. દેશને અપેક્ષા હતી કે કાયદાના માધ્યમથી આપણે કૃષિને આગળ ધપાવવાની જરૂર છે. કાયદો આવ્યો તો સરકારના પ્રયાસ હતા કે ખેડૂતો મંડીની ચુંગલમાંથી મુક્ત થાય અને મંડીના વર્તુળમાંથી બહાર આવીને પોતાનો માલ કોઈને પણ, ગમે ત્યાં વેચવા માટે આઝાદ બને. મંડીથી બહાર જે ટ્રેડ થશે, તેના પર ટેક્સ નહીં લાગે. ખેડૂતોને પોતાનો માલ વેચવાની સ્વતંત્રતા મળે, ટેક્સ વગર ખરીદ-વેચાણને પ્રોત્સાહન મળે, તેમાં શું સમસ્યા છે. હાલ કોઈ કાયદો નથી કે કૃષિ ઉપજ વેચ્યા પછી ૩ દિવસની અંદર જ ચુકવણી થઈ જાય. હવે કાયદામાં આ જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે કિસાન અને તેમની જમીનને સંપૂર્ણપણે સુરક્ષા આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ખેડૂતોની વચ્ચે વિવાદ થાય તો એસડીએમ ૩૦ દિવસમાં તેનું સમાધાન લાવશે. તેવી પણ

(અનુ.પાના.નં.૨)

## ઝારખંડમાં હેવાનિયતઃ પતિને બંધક બનાવી પત્ની પર ૧૭ લોકોએ આચર્યું દુષ્કર્મ



ઓ
રાંચી,
ઝારખંડમાં દુમકા જિલ્લાના મુફસ્સિલ પોલીસ સ્ટેશનમાં પતિની સાથે મેળો જોઈને ઘરે પાછી આવી રહેલ પાંચ બાળકોની માતા સાથે સામૂહિક દુષ્કર્મ થયાનો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના મંગળવારે મોડી રાત્રે એ સમયે બની જ્યારે મહિલા મેળો જોઈને પાછી આવી રહી હતી. સંથાલના ડીઆઈજી સુદર્શન પ્રસાદ માંડલએ ઘટનાની પુષ્ટિ કરતાં કહ્યું કે પોલીસ કેસની તપાસ કરી રહ્યું છે. સાથો સાથ ઘટનામાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી દીધી છે. આની પહેલાં ડીઆઈજીની સાથે પોલીસ અધિક્ષક અંબર લકડાએ ઘટનાની માહિતી મળતા જ પોલીસ અધિકારીઓને મુફસ્સિલ પોલીસ સ્ટેશન પહોંચીને ઘટનાના સંબંધમાં માહિતી લીધી અને પીડિત મહિલાના નિવેદનના આધાર પર કેસની તાત્કાલિક તપાસ કરીને સંડોવાયેલા આરોપીઓને મોડું કર્યા વગર પડકવાના નિર્દેશ આપ્યા.

તેમણે કહ્યું કે પીડિતાને મેડિકલ તપાસ માટે મોકલી દેવાઈ છે. ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ સુદર્શન પ્રસાદ માંડલે કહ્યું કે સંડોવાયેલા આરોપીઓની ઓળખ થઈ રહી છે. પીડિતાને તબીબી સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે મેડિકલ તપાસનો રિપોર્ટ આવશે ત્યારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસને આપેલા નિવેદનમાં, મહિલાએ આ ઘટનામાં ૧૭ આરોપીઓની સંડોવણી વિશે જણાવ્યું છે, જેમાંથી એક આરોપીની ઓળખ કરે છે, જે તેમના ગામનો

(અનુ.પાના.નં.૨)

## પ.બંગાળમાં NRC અને NPRનો અમલ થવા દેશે નહિઃ CM મમતા

કોલકાતા,
પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ કહ્યું કે એમની સરકાર પશ્ચિમ બંગાળમાં નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ અથવા નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર (એનપીઆર)નો અમલ થવા દેશે નહિ. રાજ્યમાં રહેતા બધા જ લોકો દેશના નાગરિકો છે, જે સ્થિતિમાં કોઈ પણ વ્યક્તિ ફેરફાર કરી શકે એમ નથી. મુખ્યપ્રધાને સિટિઝનશીપ અમેન્ડમેન્ટ એક્ટ (સીએએ)નો ઉપયોગ કરીને ભાજપ વિભાજનનું રાજકારણ ખેલતો હોવાનો આક્ષેપ કર્યો છે.

એમણે અત્રે બાંગ્લાદેશ સાથેની સરહદને અડીને આવેલા પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણાઝ જિલ્લામાં જાહેર સભાને સંબોધતા જણાવ્યું કે એનઆરસી અને એનપીઆર એ લોકોને રાજ્યબહાર ધકેલવાની ભાજપની ચાલ છે. પશ્ચિમ બંગાળના ભાજપ પ્રભારી કૈલાસ વિજયવર્ગીયે ગયા સપ્તાહે કહ્યું કે કેન્દ્ર પશ્ચિમ બંગાળના મોટી સંખ્યામાં શરણાર્થીઓને નાગરિકત્વ આપવા માગતું હોઈ આગામી જાન્યુઆરીથી સીએએનો અમલ મોટા ભાગે થશે.મમતાએ ફરી એકવાર પુનરોચ્ચાર કર્યો હતો કે તેઓ પશ્ચિમ બંગાળને ગુજરાત બનવા દેશે નહિ. ભાજપે એના વિભાજક રાજકારણથી દેશમાં વિનાશ વેર્યો છે. એમણે આક્ષેપ કર્યો કે દેશના કોર્પોરેટ ગૃહો એમની ઈચ્છા મુજબ કૃષિપેદાશો હસ્તગત કરી શકે એ માટે વડાપ્રધાને ખેડૂતોના હિતવિરોધી કૃષિ કાયદા ઘડયા છે.મમતા બેનરજીએ કહ્યું કે એમ્ફાન વાવાઝોડાના અસરગ્રસ્તોને નાણાકીય રાહત પૂરી પડાઈ હોવા સંબંધી ખોટા આક્ષેપો ભાજપ કરી રહ્યો હોવાનું એના પર દોષારોપણ કર્યું છે.

## મહારાષ્ટ્ર રાજ્યમાં દુષ્કર્મ આરોપીને મોતની સજા કરવામાં આવશે



મુંબઈ,
દેશના વિવિધ રાજ્યોમાં વિવિધ ગુન્હાખોરીમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે બીજી તરફ મહારાષ્ટ્ર સરકાર એક ગુન્હામાં સખ્ત કાયદો ઘડ્યો છે. જેમાં મહારાષ્ટ્ર રાજયમાં દુષ્કર્મ કરનારા આરોપીને મોતની સજા કરવામાં આવશે. રાજ્ય પ્રધાન મંડળે આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી. જો કે એ ઉપરાંત આજીવન કારાવાસ, મોટી રકમનો દંડ તથા બીજી સજાની જોગવાઈ પણ આ પ્રસ્તાવમાં ઉમેરવામાં આવી હતી.

નોંધપાત્ર છે કે આ કાયદાને શક્તિ ધારા તરીકેની ઓળખ આપવામાં આવી છે. ત્યારે આ શક્તિ ધારા તરીકે ઓળખાનારા આ કાયદામાં એસિડનો ભોગ બનેલી પીડિતાને પ્લાસ્ટિક સર્જરી દ્વારા નવો ચહેરો મેળવવો હોય તો રાજ્ય સરકાર તરફથી દસ લાખ રૂપિયાની સહાય આપવાની પણ જોગવાઈ હતી. એ રકમ આરોપી પાસેથી વસૂલ કરવામાં આવશે. આ પ્રસ્તાવ વહેલી તકે વિધાનસભામાં રજૂ કરવામાં આવશે એવી જાહેરાત રાજયના ગૃહ પ્રધાન અનિલ દેશમુખે કરી હતી. શક્તિ ધારા અન્વયે ત્રીસ દિવસમાં આ કેસ પૂરો કરવાની તાકીદ પણ ઉમેરવામાં આવી હતી. દેશમુખે કહ્યું કે આ કાયદો સખત હોવાથી અપરાધીઓમાં એની ધાક બેસશે અને રાજ્યની બહેન દીકરીઓ સુરક્ષિત રહેશે.

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**એસ. એચ. બારીઆ**
**મુ. હવેલી, તા. જાંબુઘોડા**

**કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.**

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**ધી ઝારવા વિભાગ આદીવાસી ખેડૂત ગ્રાહક**
**મુ. વાવ, તા. જાંબુઘોડા**

**ગોધરા નગરપાલિકા**
**ઓનલાઈન ટેન્ડર નિવિદા-૧૨ સને-૨૦૨૦-૨૧**

આથી તમામ એજન્સી/કોન્ટ્રાકટર વિ.ને ગોધરા શહેરમાં સી.સી.રોડ તથા હાઈમાસ્ટ વિથ એલ.ઈ.ડી.લાઈટ ના કામો માટે રૂા.૩.૦૦ લાખથી રૂા.૯.૭૭ લાખ સુધી ના ૦૨–કામો માટેના ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડરો તા.૧૧/૧૨/૨૦૨૦ થી તા.૧૯/૧૨/૨૦૨૦ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી/કોન્ટ્રાકટરે ટેકનીકલ બીડ તા.૨૪/૧૨/૨૦૨૦ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આરપીએડી/સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદ બાતલ કરવાનો હકક નગરપાલિકાને અબાધિત રહેશે.
તા.૦૯/૧૨/૨૦૨૦

(એસ.પી. પટેલ) મુખ્યઅધિકારી નગરપાલિકા ગોધરા
(દીપક એન. સોની) ઉપપ્રમુખ નગરપાલિકા ગોધરા
(ઈલેન્દ્ર પી. પંચાલ) પ્રમુખ નગરપાલિકા ગોધરા
માહિતી/ગોધરા/૫૮૫/૨૦૨૦

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## મહીસાગરમાં આજે ૦૬ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૧૮૧૪ પોઝીટીવ કેસ




લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૦-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૮૧૪ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લાલમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૬૨૬ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૯૫૪૯૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૫૯ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૭૭ દર્દી હોમ આઈસોલેશન, ૦૫ દર્દી લુણાવાડા (CCC), ૦૫ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૦ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૦૨ દર્દીઓ સ્ટેબલ, ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

## મહીસાગરમાં રોડ સાઈડમાં ઉભા રહી ફળ-શાકભાજી કે ફુલપાકોનું વેચાણ કરતા ફેરીયાઓને વિના મૂલ્યે છત્રીનું વિતરણ કરાશે

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં રોડની સાઈડમાં ઉભા રહી ફળ-શાકભાજી કે ફુલપાકોનું વેચાણ કરતા લારીધારક, ફેરીયાઓને બાગાયત ખાતા દ્વારા વિના મૂલ્યે છત્રીનું વિતરણ કરવામા આવનાર છે. આ યોજના હેઠળ કુટુંબ દીઠ પુખ્ત વયની એક વ્યક્તિને છત્રી મળવાપાત્ર રહેશે.

આ યોજનાનો લાભ લેવા માંગતા લાભાર્થીઓએ ગ્રામ પંચાયત/ બાગાયત કચેરીના પોર્ટલ (www.ikhedut.gujarat.gov.in) મારફતે તા. ૧૫/૧૨/૨૦૨૦ સુધી અરજી કરી સમયમર્યાદામાં નાયબ બાગાયત નિયામક ની કચેરી, સરદાર પટેલ વિદ્યાલય પાસે લુણાવાડા - મહીસાગર ખાતે જરૂરી સાધનિક કાગળો, રેશનકાર્ડ, આધારકાર્ડની નકલો તથા સંબંધિત ગ્રામસેવકનો વેચાણ કરતા હોવા અંગેનો દાખલા સહિત રજૂ કરવાના રહેશે તેમ નાયબ બાગાયત નિયામક, મહીસાગરની યાદીમાં જણાવાયું છે.

## પ્રત્યેક મતદાન મથકોએ મતદાર યાદી
# ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે

લુણાવાડા,
ભારતના ચૂંટણી પંચ દ્વારા ૦૧-૦૧-૨૦૨૧ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત મતદારયાદી શુધ્ધતા કાર્યક્રમમાં મતદાર યાદીમાં નામોની નોંધણી કરવી. મતદાર યાદીમાં મતદારોની વિગતોમાં સુધારો કરવા અને અવસાન પામેલ, સ્થળાંતરીત મતદારોના નામ અને મતદાર યાદીમાંથી દુર કરવા, ઓળખકાર્ડમાં રહેલી ભુલો દુર કરવી, મતદારના કલર ફોટોગ્રાફ્સ મુકવા, ઈમેજ સુધારવી સહિત મતદાર યાદી શુધ્ધતા બાબતે સુધારો કરાવી શકાય છે. નવીન મતદારોએ મતદાર યાદીમાં નામ દાખલ કરવા ફોર્મ નંબર ૦૬, નામ સામે વાંધો લેવા અને રદ કરવા ફોર્મ નંબર ૦૭ તેમજ વિગતમાં સુધારો કરવા ફોર્મ નંબર ૦૮ અને નામ તબદીલ કરવા ૦૮-૦કમાં અરજી કરવાની રહેશે. આ ખાસ ઝુંબેશ અંતર્ગત આગામી તા. ૧૩/૧૨/૨૦૨૦ (રવિવાર)ના રોજ સવારના ૧૦-૦૦ થી ૫-૦૦ દરમિયાન સમગ્ર રાજય સહિત જિલ્લાગના તમામ વિધાનસભા મત વિભાગમાં પ્રત્યેક મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફિસર ખાસ ઉપસ્થિરત રહેનાર છે.

જયાં મતદારો મતદાર યાદીની વિગતો ચકાસી શકશે તેમજ મતદાર યાદીમાં મતદાર તરીકે નામ નોંધણી કરાવવા માટે જરૂરી નિયત નમુનાનું ફોર્મ ભરીને સ્થળ પર રજૂ કરી શકશે. આ મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમમાં મહીસાગરવાસીઓને તેનો લાભ લઈને જિલ્લા વહીવટીતંત્રને સહકાર આપવા જિલ્લા કલેકટર આર. બી. બારડે અપીલ કરી છે.

## મહીસાગરના આઉટસોર્સ કર્મચારીઓને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો હેઠળનો લાભ

લુણાવાડા,
અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા. બા. વિભાગના ઠરાવથી સચિવાલય, ગાંધીનગર દ્વારા કરાર આધારિત વર્ગ -૪ ના આઉટસોર્સીગ કર્મચારીઓને રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો -૨૦૧૩ નો લાભ આપવા સુચના થયેલ છે. જે અન્વયે મહીસાગર જિલ્લા-તાલુકાની કચેરીમાં ફરજ બજાવતા વર્ગ -૪ ના કરાર આધારિત કર્મચારીઓની માહિતી તાલુકા સંકલનમાં લઈ તમામની વિગતો ટૂંક સમયમાં આપવા લુણાવાડા મામલતદારની યાદીમાં જણાવાયું છે.

## દેશમાં કોરોનાની રફતાર થઈ ધીમી: ૨૪ કલાકમાં
# ૩૧,૫૨૧ નવા કેસ, ૪૧૨ દર્દીનાં મોત

ન્યુ દિલ્હી,
દિવાળીના તહેવારોમાં કોરોનાવાયરસના સંક્રમણના કેસોમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો જે હવે ધીમેધીમે કાબૂમાં આવી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. ગુરૂવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૧,૫૨૨ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૪૧૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૯૭,૬૭,૩૭૨ થઈ ગઈ છે. ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૯૨ લાખ ૫૩ હજાર ૩૦૬ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૭,૭૨૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૩,૭૨,૨૯૩ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૪૧,૭૭૨ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. શેષમાં, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ રવિવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૫ ડિસેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૧૫,૦૭,૫૯,૭૨૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, શનિવારના ૨૪ કલાકમાં ૯,૨૨,૯૫૯ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૩૧૮ નવા કેસ નોંધાયા છે.

સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ અમદાવાદની છે. અમદાવાદમાં કેસમાં ઘટાડો આવ્યો છે. ત્યારે આજે શહેરમાં ૨૬૯અને જિલ્લામાં ૧૧ કેસ નોંધાયા છે. રાજ્યમાં વધુ ૧૩ દર્દીનાં નિધન થતા કોરોનાની કાતિલ રફતાર જોવા મળી છે. રાજ્યમાં અત્યારસુધીમાં કોવિડના કારણે કુલ ૨,૨૨,૮૧૧ દર્દીઓ સંક્રમિત થઈ ચુક્યા છે. આ સાથે જ અમદાવાદમાં કુલ કેસનો આંકડો ૫૦૦૦૦ને પાર થઈ ગયો છે.



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ પોલીસ દ્વારા બાતમીના આધારે એસ.ટી.બસોનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમ્યાન બે અલગ અલગ બસો માંથી ૭૦ હજાર રૂપીયાનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસના ચેકીંગ દરમ્યાન એક મહિલાને ઝડપી પાડવામાં આવી આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

(પાન નં.૧ નું ચાલુ)

### ખેડૂતોની સાથે વાતચીત....

જોગવાઈ છે કે નિર્ણય જો ખેડૂતના વિરૂદ્ધમાં જતો હોય તો પણ વસૂલી આપવામાં આવેલી કિંમતની જ થશે.

વસૂલીના નિર્દેશ એસડીએમ દ્વારા ખેડૂતોની વિરૂદ્ધમાં નહીં થાય. ભૂમિ સુરક્ષિત રહે તે દિશામાં સરકારે વિમર્શ કર્યો છે. તોમરે કહ્યું કે આ કાયદાને દેશભરમાં આવકારવામાં આવ્યું. આ વચ્ચે એવા પણ ઉદાહરણો મળ્યા કે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં તાત્કાલિક ચુકવણી કરાવવામાં આવી. આ સિલસિલો ચાલતો હતો કે કેટલાંક ખેડૂતો અને કેટલાંક યુનિયન આંદોલન કરવા લાગ્યા. પંજાબની ખેડૂત યુનિયનના લોકો સાથે ૧૪ ઓક્ટોબર અને ૧૩ નવેમ્બરે વાતચીત થઈ. અમે લોકો સતત ચર્ચા માટે તૈયાર હતા. વાતચીત ચાલી રહી હતી કે આ વચ્ચે ૨૬-૨૭ નવેમ્બરે આંદોલનની જાહેરાત થઈ. અમે ૩ ડિસેમ્બરે મંત્રણા માટે આમંત્રણ મોકલ્યું. ઠંડી છે, કોવિડનો કહેર છે તેથી વિચાર્યુ કે વાતચીત જલ્દીથી થવી જોઈએ. જે બાદ ૧,૩ અને ૫ ડિસેમ્બરે વાતચીત કરવામાં આવી. ૭ તારીખે ફરીથી બેઠકની વાત થઈ. તે વચ્ચે ૮ તારીખે રાત્રે પણ વાતચીત થઈ. એવી પરિસ્થિતિ બની કે તેમના તરફથી કોઈ જ ભલામણ આવતી ન હતી. અમને લાગ્યું કે ખેડૂતોના મુદ્દા છે અને શંકા પણ છે. તેઓ રહીરહીને કાયદો પરત ખેંચવાની વાત પર જ આવી જાય છે. અમે સતત એમ જ પૂછ્યું કે એક્ટની કઈ કઈ જોગવાઈ છે, જેમાં ખેડૂતોને મુશ્કેલી છે, તેના પર ચર્ચા કરીએ.

### ઝારખંડમાં હેવાનિયત....

રહેવાસી હોવાનું કહેવાય છે. પીડિતાના પતિએ જણાવ્યું કે ગામમાં દર મંગળવારે બજાર ભરાય છે. જ્યાં તે પત્ની સાથે ખરીદી કરવા ગયો હતો. હું સવારે આઠ વાગ્યાની આસપાસ ખરીદી કરીને બજારમાંથી ઘરે પરત ફરી રહ્યો હતો.

તે જ સમયે લગભગ ૧૭ છોકરાઓ રસ્તામાં નશામાં ઉભા હતા. તેમાંથી પાંચે તેને પકડ્યો અને બાકીના છોકરાઓ પત્નીને ઉઠાવીને ઝાડી તરફ લઈ ગયા. જ્યાં દુષ્કર્મની ઘટનાને અંજામ આપ્યો. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર દુમકા મુફસ્સિલ પોલીસ સ્ટેશનમાં પાંચ બાળકોની માતા પીડિત મહિલા પોતાના પતિની સાથે મંગળવારના રોજ સામાન ખરીદવા માટે સાપ્તાહિક હાટડીમાં ગયા હતા. આ ગામમાં એક મેળાનું પણ આયોજન કરાયું હતું. મોડી રાત્રે મેળામાંથી પાછા આવતા સમયે કેટલાંક મનચલોએ પતિને કબ્જામાં લઈને મહિલા પર ગેંગરેપની ઘટનાને અંજામ આપ્યો. બુધવારે સવારે પીડિતા તેના પતિ સાથે પોલીસ સ્ટેશન પહોંચી હતી અને પોલીસને ઘટનાની જાણ કરી હતી.

(પાન નં.૪ નું ચાલુ)

### શહેરના કડીયાવાડમાં....

હજુ પણ મળી આવે તેવી શકયતાઓ છે. અને છ જેટલી મૂર્તિઓ જમીનના ખોદકામ દરમ્યાન મળી આવતા ગોધરા નગરપાલિકાના મુખ્ય અધિકારીને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ તા.૮/૧૦/૨૦૨૦ના રોજ અરજદાર આરીફ.એસ.ચાયમન દ્વારા કરવામાં આવતાં ગોધરા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. બાદમાં તા.૧૦/૧૨/૨૦૨૦ના રોજ ગોધરા નગરપાલિકા દ્વારા એકશનમાં આવીને બાંધકામ કરતાને નોટીસ આપીને જણાવ્યુ હતું કે, મો.જે. ગોધરાના કડીયાવાડ વિસ્તારમાં આવેલ ટી.પી.૨ નં.સી.ટી.સર્વે નં.૨૨૬૩, ૨૨૬૪, ૨૨૬૫ વાળી મિલ્કતમાં પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ગોધરા દ્વારા હુકમ ન.એમએજી/વશી/૬૯૩૭ થી ૬૯૪૪/૨૦૨૦ તા.૦૮/૧૨/૨૦૨૦ થી સ્થળે યથાવત પરિસ્થીતી જાળવી રાખવા હુકમ કરેલ છે. આ હુકમ અન્વયે યથાવત પરીસ્થિતી જાળવી રાખવા સદર મિલ્કતને સીલ કરવામાં આવે છે. આ સીલ કરેલી મિલ્કતમાં કોઈ પણ ઈસમે પ્રવેશ કરવો / કરાવવો નહીં. કોઈપણ કામ કરવું/કરાવવું નહીં, કોઈપણ ઉપયોગ કરવો/ કરાવવો નહીં. જો તેમ કરવામાં ચૂક કરી નોટીસનો અનાદર કરવામાં આવશે. તો નોટીસને અનાદર કરનાર ઈસમો સામે ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની સખત નોંધ લેશો. અત્રે નોંધનીય છે કે અરજદાર દ્વારા બે માસ પૂર્વે પુરાતન અવશેષો મળી આવવા અંગેની અરજી તંત્રને સુપ્રત કરી હતી. પરંતુ મોંડે મોંડે બે માસ બાદ તંત્ર જાગીને બાંધકામ કર્તાને બાંધકામ અટકાવી દેવા અને મિલ્કતને સીલ કરવાને લઈને પાલિકા તંત્ર વિવાદમાં સપડાયું છે. જો જે તે સમયે જ પાલિકા તંત્ર એકશનમાં આવ્યું હોત અને બાંધકામ અટકાવી દઈને પુરાતન અવશેષોરૂપ ગણાતી મૂર્તિઓને શોધખોળની તજવીજ હાથ ધરી શકી હોત પરંતુ નગરપાલિકા એજ બે માસ જેટલો સમય વેડફી અને બાંધકામ કરતાને વધુ બાંધકામ કરવા માટે પરોક્ષ રીતે મીલીભગતથી મદદગારી કરી હોવાના શહેરીજનો આક્ષેપ કરી રહયા છે. હાલમાં બિલ્ડીંગનું બાંધકામા પૂર્ણતાને આરે છે. ત્યારે ઘોડા છૂટયા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ સર્જાઈને ગોધરા નગરપાલિકાની શંકાસ્પદ કામગીરી ફરી એકવાર વિવાદમાં સપડાઈ છે.

### ઘોઘંબાના કાંટાવેડા ગામે.....

આદમખોર દિપડાને ઝડપી પાડવા માટે ગંભીરતાથી લીધી ન હતી. જેને લઈ ઘોઘંબા પંથકના કાંટાવેડા અને ગોયાસુંડલ ગામોમાં એક ૮ વર્ષીય અને પાંચ વર્ષીય બાળકો ઉપર દિપડો હુમલો કરી મોતને ઘાટ ઉતારી દેવાની ઘટના કાળજું કંપાવી નાખે તેવી ઘટના એક દિવસમાં બનવા પામી હતી. જેને લઈ ફોરેસ્ટ વિભાગ જાણે સફાળું જાગ્યું હોય તેમ આદમખોર દિપડાને ઝડપી પાડવા માટે પાંચ જેટલા પાંજરા મુકવામાં આવ્યા હતા. તેમાં દિપડા દ્વારા બાળકો ઉપર કરવામાં આવેલ હુમલાવાળા સ્થળે પણ પાંજરા મુકવામાં આવ્યા હતા. કાંટાવેડા ગામે ફોરેસ્ટ વિભાગ દ્વારા પાંજરું મૂકીને બકરીને મારણ માટે રાખવામાં આવી હતી. રાત્રીના સમયે હિંસક આદમખોર દિપડા એ પાંજરામાં રાખેલ બકરીનું મારણ કરીને પાંજરામાંથી પાછો નાશી છુટવામાં સફળ થયો છે. આમ ફોરેસ્ટ વિભાગ દ્વારા આદમખોર દિપડાને ઝડપી પાડવાની મહેનત પર જાણે પાણી ફેરવાઈ જવા પામ્યું છે. ત્યારે હવે જોવાનું રહે કે ફોરેસ્ટ વિભાગ દ્વારા દિપડાને પકડવા મૂકેલ પાંચ જેટલા પાંજરામાં દિપડા પકડાઈ જાય તો ઘોઘંબા પંથકના લોકોમાં હાશકારો થાય તેમ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૧૧-૧૨-૨૦૨૦, શુક્રવાર, નિજ કારતક વદ-૧૧, સૂર્યોદય-૭-૧૫, સૂર્યાસ્ત-૬-૦૧, જૈન નવકારશી-૮-૦૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૧૨-૧૯ અભિજીત-૧૩-૦૨ સુધી, ૭-૧૮થી ચલ-લાભ-અમૃત-૧૧-૨૦ સુધી, ૧૨-૪૦થી શુભ-૧૪-૦૧, ૧૬-૪૨થી ચલ-૧૮-૦૩ સુધી, ૨૧-૨૨થી લાભ-૨૩-૦૧ સુધી

- શુભ હોરા-
૭-૧૮થી ૯-૫૯ સુધી, ૧૦-૫૩ થી ૧૧-૪૭ સુધી, ૧૩-૩૪થી ૧૬-૧૫ સુધી, ૧૭-૦૯થી ૧૮-૦૩ સુધી

## દૈનિક રાશીફળ
તા.૧૧.૧૨.૨૦૨૦ શુક્રવાર

મેષ(અ,લ,ઈ): આજે પરિસ્થિતિ વધારે અનુકૂલ છે. આત્મવિશ્વાસ અને થોડી સાવધાની દ્વારા તમારા મોટાભાગના કામ યોગ્ય રીતે પૂર્ણ થઈ જશે.
વૃષભ(બ,વ,ઉ): વ્યસ્તતા સિવાય તમે તમારા વ્યક્તિગત રસને લગતાં કાર્યો માટે સમય કાઢી શકશો. તમારા કોઈ સારા કામના કારણે તમારી યોગ્યતા અને આવડતના પણ વખાણ થશે.
મિથુન(ક.છ.ઘ): આજે પરિવાર સાથે જોડાયેલાં મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા પડી શકે છે, જે પોઝિટિવ રહેશે. સામાજિક અને રાજનૈતિક સક્રિયતા પણ વધવાથી તમારી સારી ઓળખ બનશે.
કર્ક(ડ,હ): થોડાં સમયથી ચાલી રહેલી સ્વાસ્થ્યને લગતી પરેશાનીમાં આજે થોડો સુધાર અનુભવ થશે. તમે તમારા અટવાયેલાં કામને પૂર્ણ કરવામાં તમારું ધ્યાન કેન્દ્રિત કરી શકશો.
સિંહ(મ,ટ): આજે ભાગ્ય પ્રબળ છે. મહિલા વર્ગને તેમની યોગ્યતા અને કાર્યક્ષમતા દ્વારા મહત્ત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ શકે છે, એટલે મન લગાવીને તમારા કાર્યો પ્રત્યે કોશિશ કરતાં રહો.
કન્યા(પ,ઠ,ણ): આજે તમે ઘરને લગતી તમારી જવાબદારીઓને ખૂબ જ સાદગી અને ગંભીરતાથી પૂર્ણ કરી લેશો.
તુલા(ર.ત.): આજે તમને અચાનક જ ચમત્કારિક રૂપથી કોઈ ભાવી લક્ષ્યની પ્રાપ્તિ થશે. જેનાથી તમારો આત્મવિશ્વાસ વધારે મજબૂત થશે.
વૃશ્ચિક(ન.ય.): આજે કોઈ શુભ સમાચાર મળવાથી તમે તમારી અંદર અદ્ભૂત આત્મવિશ્વાસ અને ઊર્જાનો અનુભવ કરશો. કોઈપણ કામમાં ઘરના વડીલ વ્યક્તિની સલાહ ઉપર અમલ કરશો.
ધન(ભ,ધ,ફ,ઢ): આજે અચાનક જ કોઈ વ્યક્તિ સાથે મુલાકાત તમને એક નવી દિશા સૂચવશે. તમે તમારા કાર્યને લગતી યોજનાઓને યોગ્ય રીતે બનાવી શકશો.
મકર(ખ.જ.): દિનચર્યા ખૂબ જ વ્યસ્ત રહેશે. વ્યસ્તતા સિવાય તમારા મિત્રો અને સંબંધીઓ સાથે સંપર્ક જાળવી રાખો.
કુંભ(ગ,સ,શ,ષ): થોડા દિવસોથી ચાલી રહેલી વ્યસ્ત દિનચર્યાથી સુકૂન મેળવવા માટે થોડો સમય અધ્યાત્મ અને ધાર્મિક સ્થળે પસાર કરો. તેનાથી તમે શારીરિક અને માનસિક રૂપથી સુકૂન પ્રાપ્ત થશે.
મીન(દ,ચ,ઝ,થ): ધાર્મિક તથા અધ્યાત્મિક ક્ષેત્રમાં તમારો રસ વધશે. સાથે જ પારિવારિક તથા વ્યવસાયિક ગતિવિધિઓમાં સંતુલન જાળવી રાખવાથી ઘરમાં સારું વાતાવરણ જળવાયેલું રહેશે.

## લોકશાહીના નવા મંદિરની આધારશીલા મૂકી વડાપ્રધાન બોલ્યા-
# નવા સંસદ ભવનમાં ૨૧મી સદીના ભારતની આંકાક્ષાઓ થશે પૂરી



ન્યુ દિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂમિ પૂજનની સાથે જ નવા સંસદ ભવનની આધારશિલા મૂકી. ચાર માળના સંસદ ભવનનું નિર્માણ કાર્ય ભારતની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ સુધી પૂરી થવાની શક્યતા છે. વૈદિક મંત્રોચ્ચારની વચ્ચે ભૂમિપૂજન કાર્યક્રમનો આરંભ થયો અને તેના સંપન્ન થય બાદ શુભ મુહૂર્તમાં વડાપ્રધાને પરંપરાગત વિધિની સાથે આધારશિલા મૂકી. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, વિવિધ રાજકીય પાર્ટીના નેતા, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ સહિત અનેક કેન્દ્રીય મંત્રી, મોટી સંખ્યામાં સાંસદ અને અનેક દેશોના રાજદૂત આ ઐતિહાસિક અવસરના સાક્ષી બન્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે અને માઈલસ્ટોન સાબિત થશે. દેશમાં હવે ભારતીયતાના વિચારોની સાથે નવી સંસદ બનવા જઈ રહી છે, આપણે દેશવાસી મળીને સંસદના નવા ભવનનું નિર્માણ કરીશું. જ્યારે ભારત પોતાની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી કરશે, ત્યારે સંસદની ઈમારત તેની પ્રેરણા હશે. વડાપ્રધાને વધુમાં કહ્યું કે, હું એ પળ ક્યારેય નહીં ભૂલી શકું જ્યારે પહેલીવાર ૨૦૧૪માં સંસદ ભવનમાં આવ્યો હતો.

ત્યારે મેં શિશ ઝુકાવીને નમન કર્યું હતું. હાલના સંસદ ભવને આઝાદીનું આંદોલન, સ્વતંત્ર ભારત, આઝાદ દેશની પહેલી સરકાર, પહેલી સંસદ, બંધારણ રચવામાં આવ્યું. પીએમ મોદીએ કહ્યું કે, નવું સંસદ ભવન સમયની માંગ છે પરંતુ જૂના સંસદ ભવનમાં આપણા દેશનો ઈતિહાસ સંગ્રહિત છે. વડાપ્રધાને મોદીએ કહ્યું કે, દેશમાં લોકતંત્ર કેમ સફળ છે. દુનિયામાં ૧૩મી શતાબ્દીમાં મેગ્નાકાર્ટાથી પહેલા જ ૧૨મી શતાબ્દીમાં ભગવાન બસવેશ્વરે લોકસંસદની શરુઆત કરી દીધી હતી. વડાપ્રધાને જણાવ્યું કે દસમી શતાબ્દીમાં તમિલનાડુના એક ગામમાં પંચાયત વ્યવસ્થાનું વર્ણન છે. એ ગામમાં આજે પણ એવી જ રીતે મહાસભા ભરાય છે, જે એક હજાર વર્ષથી ચાલુ છે.ઁસ્એ જણાવ્યું કે ત્યારે પણ નિયમ હતો કે જો કોઈ પ્રતિનિધિ પોતાની સંપત્તિની વિગત નહીં આપે તો તે અને તેના સંબંધી ચૂંટણી નહીં લડી શકે.

પીએમ મોદીએ કહ્યું કે, નવા સંસદ ભવનમાં એવી અનેક ચીજો કરવામાં આવી રહી છે જેનાથી સાંસદોની દક્ષતા વધશે. તેમના વર્ક કલ્ચરમાં આધુનિક્તા આવશે. જૂના સંસદ ભવને સ્વતંત્રતા બાદના ભારતને દિશા આપી તો નવું ભવન આત્મનિર્ભર ભારતના નિર્માણનું સાક્ષી બનશે. જૂના સંસદ ભવનમાં દેશની આવશ્યક્તાઓની પૂર્તિત માટે કામ થયું તો નવા ભવનમાં ૨૧મી સદીના ભારતની આકાંક્ષાઓ પૂરી કરવામાં આવશે. વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આપણે યાદ રાખવાનું છે કે લોકતંત્ર જે સંસદ ભવનનું અસ્તિત્વનો આધાર છે, તેના પ્રત્યે આશાવાદને જાગૃત રાખવું આપણા સૌની જવાબદારી છે. આપણે એ હંમેશા યાદ રાખવાનું છે કે સંસદ પહોંચેલો દરેક પ્રતિનિધિ જવાબદારી હોય. તેમની જવાબદારી જનતાની પ્રત્યે પણ છે અને બંધારણના પ્રત્યે પણ છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ઝાલોદ નગર પાલિકાની સામાન્ય સભામાં દુકાન તથા તળાવની ગેરરીતિઓના મુદ્દાઓ ચર્ચાયા

ઝાલોદ,

ઝાલોદ નગર પાલિકાની સામાન્ય સભા આજ ગુરૂવારના રોજ પાલિકાના સભાખંડમાં મળી હતી. વિવિધ મુદ્દે તોફાની હતી. જેની શરૂઆતમાં જ આ બંને સભ્યો ને યાદ કરી અને બે મિનિટનું મૌન રાખી અને સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી હતી.

જેમાં ભંગારની તોફાની બનવાના એંધાણ હતા. ત્યારે સત્તાધારી પક્ષ તથા વિપક્ષ દ્વારા અંગીકાર કરવામાં આવેલા ભેદી મૌનને પગલે સામાન્ય સભા શાંતિ પૂર્ણ માહોલ માં સંપન્ન થઈ હતી.

**- પાલિકા નું પાણી નું બિલ ૬ કરોડ જેટલું બાકી.**
**- પાલિકા તંત્ર નું ગેરરીતિઓ મુદ્દે ભેદી મૌન.**

બનવાના એંધાણ વચ્ચે યોજાયેલી આ સામાન્ય સભામાં પાલિકામાં થયેલી ગેરરીતિઓ અંગેના મૌન સાથે જ પાલિકા ની સભા પૂર્ણ થતાં પાલિકા તંત્ર નું ભેદી મૌન એ અનેક પ્રશ્નોને હજીય અકબંધ રાખ્યા હતા.

પાલિકાના પૂર્વ ઉપપ્રમુખની હત્યા અને એક સભ્ય ની આત્મહત્યા બાદ પાલિકાની પ્રથમ સામાન્ય સભા આજ ગુરૂવારના રોજ પાલિકાના સભાખંડમાં યોજાઈ હરાજી, ત્રિમાસિક હિસાબોની મંજૂરી, ઓનલાઈન ટેન્ડર મંજૂર કરવા, પાલિકાના નવીન ભવન ની દરખાસ્ત, ૧૫ માં નાણાં પંચ ના કામોનું આયોજન, ભારે વાહનો પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ડમ્પીંગ સાઈટ વગેરે જેવા મુદ્દાઓ ની ચર્ચા કરવામાં આવી હતી.

કેટલાક મુદ્દાઓ ને લઈને આ સામાન્ય સભા

## પાલિકા નું પાણી બિલ તેમજ લાઈટ બીલ અંગે પણ ચર્ચા થઈ

પાલિકાના માછણ ડેમ માંથી લેવાતા પાણીનું બિલ છ કરોડ જેટલું બાકી હોઈ આ બિલ માફ કરવા માટે સરકાર ને રજૂઆત કરવા અંગે પણ ચર્ચા થઈ હતી. તો લાઈટ બિલ ભરવા અંગે પણ નક્કી કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય દ્વારા ૨૦૧૨ થી પાલિકાના વિકાસ કામો અંગે માહિતી માંગવામાં આવી.

ઝાલોદ ના ધારાસભ્ય ભાવેશ કટારા દ્વારા પાલિકા માં ૨૦૧૨ થી લઈને ૨૦૨૦ સુધી ના થયેલા કામ અને ગ્રાન્ટ અંગેની માહિતી માંગવામાં આવી હતી. જે અંગે પાલિકા એ સર્વાનુમતે આ માહિતી આપવા અંગે નિર્ણય કર્યો હતો.

## ચીફ ઓફિસર અને સભ્યો વચ્ચે નજીવી ચકમક ઝરી

સામાન્ય સભામાં ચીફ ઓફિસર દ્વારા સરકારી નિયમ મુજબ જ જાહેર હરાજી કરવામાં આવે તેવો આગ્રહ રાખવામાં આવ્યો હતો. જોકે આ મુદ્દે કેટલાક સભ્યો એ વિરોધનો સૂર રેલાવતા ચીફ ઓફિસર હિરલ ઠાકર દ્વારા પાલિકા એ આ અંગે થયેલી ગેરરીતિ ને પગલે પાલિકા ના તમામ સભ્યો સસ્પેન્ડ થાય તેમ પણ કહ્યું હતું. જો કે આ વાત અહીંયા જ પૂરી થઈ હતી. પણ પાલિકા માં જો આટલી જ ગેરરીતિઓ થઈ છે. તો આ અંગે કંઈ નિર્ણય હજી સુધી કેમ લેવાતો નથી. તેવો પણ પ્રશ્ન ઉદભવ્યો હતો.

## દુકાન તથા તળાવ ને લઈને પાલિકા નું ભેદી મૌન

પાલિકાની દુકાન તથા તળાવના ટેન્ડર માં ખોટા બીલો રજૂ કરી અને પચાવી પાડવામાં આવ્યું હોવાનું પાલિકા તંત્ર દ્વારા જ જાહેર કરવામાં આવ્યું હતું. જે બદલ પાલિકા તંત્ર દ્વારા આ અંગે નોટિસ પાઠવવા માં આવી હોવા છતાં, પાલિકા એ દુકાન ફરીથી પરત લેવા અંગે તેમજ, તળાવ નો મત્સ્ય ઉછેર માટેનો ઈજારો રદ કરવા અંગે નો નિર્ણય લીધો ન હતો. દુકાન પરત લેવા અંગે સર્વ સહમતી થી નિર્ણય લેવામાં આવ્યો હતો. જો કે પાલિકા સાથે થયેલી છેતરપિંડી અંગે ફોજદારી કેસ થશે કે કેમ તે અંગે નો પ્રશ્ન ચર્ચાયો નહોતો. તો તળાવના મત્સ્ય ઉછેર અંગેનો નિર્ણય પેંડિંગ રાખવામાં આવ્યો હતો.જે ને લઈને પાલિકા સભ્યોમાં જ અસંતોષ સર્જાયો હતો.

# દાહોદ જીલ્લા પોલીસવડા દ્વારા ૭ PI અને PSI ની આંતરીક બદલી કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લા પોલીસ મથકમાં ફરજ બજાવતા ૦૭ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટર / પોલીસ સબ ઈન્સ્પેક્ટરોની વહીવટી કારણોસર જાહેર હિતમાં જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસર દ્વારા બદલી કરવામાં કરવામાં આવી છે.

આ સાત જેટલા બદલી કરવામાં આવેલ પોલીસ ઈન્સ્પેક્ટર/ પોલીસ સબ ઈન્સ્પેક્ટર પૈકી (૧) જે.એલ. પટેલ જેઓ લીવ રિઝર્વ કંટ્રોલમાં ફરજ બજાવતા હતા તેઓને રણધીકપુર પોલીસ મથકેબદલી કરવામાં આવ્યા છે. તેવી જ રીતે (૨) એસ.એમ લાશન જેવો પણ લીવ રિઝર્વ કંટ્રોલમાં ફરજ બજાવતા હતા તેઓને સંજેલી પોલીસ મથકે બદલી કરવામાં આવ્યા છે. (૩) સુખસર પોલીસ મથકમાં ફરજ બજાવતા એસ.એન.બારીયાને ઝાલોદ પોલીસ મથકે (૪) દાહોદ રૂલર સેકન્ડ પોલીસ મથકમાં ફરજ બજાવતા જી.બી. રાઠવાને ઝાલોદ પોલીસ મથક સેકન્ડ પોલીસ સ્ટેશન ખાતે બદલી કરવામાં આવી છે. (૫) દેવગઢબારિયા સેકન્ડ પોલીસ મથકમાં ફરજ બજાવતા એન.પી. સેલોટને સુખસર પોલીસ મથકે (૬) ઝાલોદ સેકન્ડ પોલીસ મથકમાં ફરજ બજાવતા એ.આર.બારીયાને દેવગઢબારિયા સેકન્ડ પોલીસ મથકમાં અને (૭) AHTU શાખા દાહોદ માં ફરજ બજાવતા બી.બી.બેગડિયા ને મહિલા પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# દે.બારીઆના દુધીયા ગામની પરણિત મહિલાને મારમારી દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

દેવગઢ બારિયા તાલુકાના દુધિયા અને એક ૨૩ વર્ષીય પરિણીત મહિલાને એક ઈસમ દ્વારા પરંતુ તેની સાથે બળજબરી કરી તેને માર મારી તેની ઉપર પાશવી બળાત્કાર ગુજારતા આ સંબંધે પરિણીતાઓ દ્વારા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. દુધિયા ગામે વેડ ફળિયામાં રહેતો શૈલેષભાઈ ઈશ્વરભાઈ બારીયા દ્વારા ગત તારીખ પાંચમી ડિસેમ્બરના રોજ દેવગઢ બારીયા તાલુકામાં રહેતી એક ૨૨ વર્ષિય પરિણીત મહિલા જે ખેતરમાંથી ઘાસનો ભારો લઈ પસાર થઇ રહી હતી. તે સમયે આ શૈલેષ દ્વારા પરણિતાને પકડી પાડી બે ત્રણ મુક્કા માર્યા હતા અને તેને ડરાવી ધમકાવી પરિણીતાની મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજારતા બળાત્કારનો ભોગ બનેલ પરિણીતા દ્વારા આ સંબંધી સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના ભથવાડા ટોલનાકા પાસે ટેમ્પામાં લઈ જવાતો ૧૦ લાખનો દારૂ ઝડપ્યો

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં આવેલ ભથવાડા ટોલનાકા પાસેથી પોલીસે એક ટેમ્પામાંથી વિદેશી દારૂ રૂપિયા ૧૦ લાખના જંગી જથ્થા સાથે ટેમ્પાના ક્લીનરની અટક કર્યાનો જ્યારે ટેમ્પાનો ચાલક પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં આવેલ ભથવાડા ટોલનાકા પાસેથી પોલીસ અવારનવાર વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપથી આવી છે. ત્યારે વધુ એક બનાવમાં પોલીસને મળેલ બાતમીના આધારે એક ટેમ્પામાં વિદેશી દારૂ ઠસોઠસ ભરી પસાર પસાર થનાર હોવાની દેવગઢબારિયા પોલીસને બાતમી મળતા પોલીસે આ ભથવાડા ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. તે સમયે ત્યાંથી એક એમપી પાર્સીંગ ટેમ્પો પસાર થતા પોલીસ સાબદી બની હતી અને ટેમ્પો નજીક આવતાની સાથે તેને ચારે તરફથી ઘેરવાની કોશીષ કરતા જ ટેમ્પાનો ચાલક પોલીસને ચકમો આપી નાસી ગયો હતો પરંતુ ટેમ્પાનો ક્લીનર પણ તેની સાથે ભાગવાની કોશિશ કરતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલ ક્લીનરની પૂછપરછ કરતા આ વિદેશી દારૂ ગોધરા તરફ લઈ જવા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ટેમ્પામાંથી ૧૦ લાખની કિંમતનો વિદેશી દારૂની પેઢીઓ તેમજ ટેમ્પાની કિંમત મળી ૧૬ લાખ નો મુદ્દામાલ પોલીસે કબજે લઇ કસૂરવારો સામે કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

# દાહોદના તબીબો દ્વારા હોમિયોપેથીક અને આર્યુવેદિકને શસ્ત્રક્રિયાની છૂટ આપવાના વિરોધમાં OPD બંધ રાખશે

દાહોદ,

ભારતના નીતિ આયોગ તેમજ સી.સી.આઈ.એમ દ્વારા હાલમાં બહાર પાડવામાં આવેલા એક ગેજેટમાં હોમિયોપેથીક તેમજ આયુર્વેદિક તબીબોને મીકસો પેથી ના નામે કેટલીક શસ્ત્રક્રિયાઓ કરવાની આપવામાં આવેલી છૂટનો એલોપેથી તબીબી જગતમાં વિરોધ થઈ રહ્યો છે. જેથી તેના વિરોધમાં આવતીકાલ તારીખ ૧૧મી ડિસેમ્બરના રોજ દાહોદ જિલ્લાના ૨૦૦ તબીબો ૧૨ કલાક સુધી ઓપીડી થી અળગા રહીને વિરોધ કરશે સેન્ટ્રલ કાઉન્સિલ ઈન્ડિયન મેડિસિન અને નીતિ આયોગ દ્વારા હાલમાં જ એક ગેઝેટ બહાર પાડવામાં આવ્યું છે. જેમાં આયુર્વેદિક તબીબોને ૫૮ પ્રકારની શસ્ત્રક્રિયાઓ કરવાની પરવાનગી આપવામાં આવી છે. જેનો સમગ્ર ભારતના એલોપેથી તબીબો વિરોધ કરી રહ્યા છે. દાહોદ ઈન્ડીયન મેડીકલ એસોસિએશન પણ સરકારના આ નિર્ણયનો સંપૂર્ણ વિરોધ કરે છે અને તેમના સંગઠન ની જાહેરાત પ્રમાણે દાહોદ જિલ્લાના ૨૦૦ જેટલા એલોપેથી તબીબો આવતીકાલ તારીખ ૧૧મી ડિસેમ્બરના રોજ સવારના છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી કોઈપણ પ્રકારના સામાન્ય દર્દીઓની સારવાર કરશે નહીં લોકોને હાલાકી ન પડે તેના માટે માત્ર કોવીડ અને ઈમરજન્સી ને લગતી સારવાર જ કરવામાં આવશે તેઓ આઈઆઈએમ-એના પ્રમુખ ડોક્ટર કેતન પટેલે જણાવ્યું છે. આમ સરકાર એક તરફ ખેડૂતોના વિરોધનો સામનો કરી રહી છે. તેવા સમયે જ તબીબી જગત એ પણ સરકાર સામે બાંયો ચડાવી છે. ત્યારે જો આ જંગ આગળ ચાલશે તો કોરોના કાળમાં તેનો ભોગ લોકોએ બનવું પડશે તેવી સંભાવના છે માટે સરકાર તબીબોના સંગઠન સાથે વિમર્શ કરી કચરો માર્ગ કાઢે તે જનઆરોગ્ય ના હિતમાં છે.

# પીપલોદ ગામે એટ્રોસિટી એક્ટ હેઠળ ખોટી પોલીસ ફરિયાદો કરવા બાબતે કલેકટરને આવેદન

દે.બારીઆ,

દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ ગામે એક પરિવાર દ્વારા એટ્રોસિટી હેઠળ ખોટી પોલીસ ફરિયાદો નોંધાવીને ગ્રામજનોને હેરાન પરેશાન કરીને અને ધાકધમકીઓ આપીને નાણાં પડાવતા હોવાની કેફિયત સાથે પીડીત લોકો સાથે દાહોદ જિલ્લા અખિલ ભારતીય કોળી સમાજના આગેવાનોએ જિલ્લા કલેકટરને લેખિત આવેદન આપીને એટ્રોસિટી એકટનો દુરૂઉપયોગ ટાળવા તેમજ પીડીતોને ન્યાય અપાવવા રજૂઆત કરી હતી.

પીપલોદ ગામના મહેશ સરતન ડાયરા તથા મહેશ નવલા ડાયરા ખેતરમાં મકાઈનાં પાકને નુકસાન થવા બાબતે કહેવા ગયેલ ત્યારે રમીલા લાલા વણકર, લાલા નાના વણકર, વિનોદ લાલા વણકર, કાન્તા લાલા વણકર તમામ ફરિયાદીઓ રહે.માલગુણ ફળિયાનાઓએ માર મારીને અને ધાક ધમકી આપીને તેમની સામે એટ્રોસિટી હેઠળ પોલીસ ફરિયાદ દાખલ કરાવી હતી. તે ગુનો હાલ તપાસ હેઠળ છે, પરંતુ આ ફરિયાદીઓ અવારનવાર એટ્રોસિટીની ખોટી એફ.આઈ.આર નોંધાવીને પાછળથી સુલેહ પેટે મોટી રકમ પડાવતા હોવા બાબતે ટેવાયેલા છે અને આવી ૮ થી ૧૦ જેટલી એટ્રોસિટી એક્ટ હેઠળ પોલીસ ફરિયાદો કરવામાં આવેલી છે. જેના કારણે પીપલોદ ગામના નાગરિકો હેરાન પરેશાન બની ગયા છે.

જેથી આજ રોજ દાહોદ જિલ્લા અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ સુરસિંહ ચૌહાણ, મહામંત્રી કાંતિભાઈ પટેલ, દેવગઢબારિયા તાલુકા પ્રમુખ નિર્મળસિંહ ચૌહાણ સહિતના આગેવાનો, પીડીત લોકો તેમજ જાગૃત નાગરિકોએ જિલ્લા કલેકટર વિજય ખરાડીને આવેદન આપીને એટ્રોસિટી એક્ટનો દુરૂપયોગ ટાળવા તેમજ પીડીતોને ન્યાય અપાવવા ગુહાર કરી હતી.

# દે.બારીઆ લાયન્સ કલબના હોદ્દેદારોના શપથ ગ્રહણ સમારોહ યોજાયો

દે.બારીઆ,

લાયન્સ કલબ ઓફ દાહોદ સીટી પ્રેરીત લાયન્સ કલબ ઓફ દેવગઢબારીયા પેરીસના નવનિયુક્ત હોદ્દેદારોના શપથગ્રહણ વિધી સમારોહ કાર્યક્રમ તા.૦૬.૧૨.૨૦૨૦ને રવિવારે વાઈફાઈ ઝોન,ગોકુળ સોસાયટી,રાધે ગોવિંદ રોડ ખાતે યોજાયેલ જેમાં લા.રાજુભાઈ સોનીની પ્રેસિડેન્ટ તરીકે,લા.હિતેશભાઈ પરમારની સેક્રેટરી તરીકે,લા. નિલમકુમાર મકવાણાની વાઈસ પ્રેસિડેન્ટ તરીકે,લા. ચિરાગભાઈ શેઠની વાઈસ પ્રેસિડેન્ટ તરીકે,લા.સેજલબેન પરીખની વાઈસ પ્રેસિડેન્ટ તરીકે,લા. કીરીટ ભાઈ સોનીની ખજાનચી તરીકે, સહમંત્રી તરીકે લા. ડો.સેમિલભાઈ ચૌહાણની,સહમંત્રી તરીકે લા.પ્રશાંતભાઈ ઝાલાની નિયુક્તિ કરવા બદલ લા.જે.પી. ત્રિવેદી , લા.કમલેશભાઈ લીંબાચીઆ, લા. સત્યેન્દ્રસિંહ સોલંકી, લા. શૈલેષભાઈ શેઠ, લા.વિજયસિંહ ઉંમર, લા. રમેશભાઈ પ્રજાપતિ, લા.મીનેશભાઈ પટેલ , લા.રાજકુમાર સહેતાઈ, લા. યુસુફીભાઈ કાપડીયા તેમજ તેમની ટીમનો ખુબ ખુબ આભાર,નવી લાયન્સ કલબ ઓફ દેવગઢબારીયા પેરીસ ની સ્થાપનાની વાત જાણીને દેવગઢબારીયાના તમામ નગરજનોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ હતી,આ પ્રસંગે લા.રમેશભાઈ પ્રજાપતિએ તમામ નવનિયુક્ત સભ્યોને શપથ ગ્રહણ કરાવ્યા હતા. લા. યુસૂફી ભાઈ કાપડિયાએ લાયન્સ કલબની વિચારસરણી અને સેવાપ્રવૃત્તિ વિશે ખૂબ જ સરસ માર્ગદર્શન આપ્યું હતું.

નવનિયુકત પ્રમુખ લા.રાજુભાઈ સોનીએ પણ સમગ્ર ટીમ વતીથી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને ખાત્રી આપી હતી કે લાયન્સ કલબ ઓફ દેવગઢબારીયા પેરીસની ટીમ ભવિષ્યમાં તમામ પ્રકારના કાર્યો કરવા માટે હરહંમેશ તત્પર રહેશે,અંતમાં લા.રાજકુમાર સહેતાઈએ આભાર વિધી કરી હતી અને સૌ આમંત્રિત મહેમાનો સાંજનું ભોજન લઈને છૂટા પડ્યા હતા,ખરેખર આ પ્રસંગ દેવગઢબારીયા નગર માટે એક યાદગાર સંભારણુ બની રહેશે.

# દાહોદ જિલ્લા કક્ષાની ગાયન સ્પર્ધા તા. ૧૨ થી ૧૮ ડિસેમ્બર યોજાશે

દાહોદ,

મુખ્યમંત્રી દ્વારા તા. ૦૧/ ૧૦/૨૦૨૦ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક સશક્ત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી મોબાઈલ ટુ સ્પોર્ટ્સ ના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોના (કોવિડ-૧૯)ની મહામારીના વિષમ સંજોગોમા ફેસબૂક, વ્હોટસ એપ, ઈન્સટાગ્રામ તથા વિડીયો ગેઈમ્સ જેવી પ્રવૃતિઓમા અત્યંત કિમતી સમય વેડફતા યુવાધનની હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમતગમતની પ્રવૃતિઓ તરફ આકર્ષિત કરવા એ સમયની તાતી જરૂરિયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારએ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન મોબાઈલ ટૂસ્પોર્ટસની નવી યોજના મંજુર કરેલ છે. આ યોજનાને મોબાઈલ ટૂસ્પોર્ટ્સ ફેસબુક પેજ, યુ-ટ્યુબ ચેનલ, રેડિયો કવીઝ, ચિત્રસ્પર્ધા, ટેલીવિઝન તેમજ સોશિયલ મીડીયા સંબધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો ઓડીયો/ વિડીયો કલીપ રજૂ કરી યુવાનોને રમતગમતની પ્રવૃતિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામા આવશે. આ હેતુને સુચારૂ પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગર તથા દાહોદ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા સંયુક્ત રીતે ગાયન (સુગમ સંગીત, લગ્નગીત, શાસ્ત્રીય કંઠય સંગીત (હિંદુસ્તાની) લોકગીત/ભજન સ્પર્ધા નુ આયોજન કરેલ છે. જેમા જુદા જુદા વય જૂથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે, જેમા ૬ વર્ષ થી ૧૪ વર્ષ સુધીના, ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીના, ૨૧ વર્ષ થી ૫૯ વર્ષ સુધીના અને ૬૦વર્ષ થી ઉપરના ઓપન વય જુથમા ભાગ લઈ શકશે. ઉક્ત સ્પર્ધાની વીડિઓ ક્લીપ તૈયાર કરી તા.૧૮/૧૨/૨૦૨૦ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સરવે ભવન, પ્રથમ માળ, કોંન્ફરંસ હોલ, છાપરી તા.જિ દાહોદ ખાતે મોકલવાની રહેશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામા પ્રથમ વિજેતાને રૂ.૧૦૦૦/- દ્વીતિય વિજેતાને રૂ.૭૫૦/- તેમજ તૃતિય ઈનામ વિજેતાને રૂ.૫૦૦/- ઈનામ આપવા મા આવશે. સ્પર્ધાના નીયમોની વધુ માહિતી માટે કચેરીનો સમ્પર્ક કરવાનો રહેશે. રાજ્યકક્ષાની સ્પર્ધામાથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫૦૦૦/ દ્વિતીય વિજેતાને રૂ.૧૫૦૦૦/ તૃતિય વિજેતાને રૂ.૧૦૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫૦૦૦/ (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામા આવશે. આ અંગેની વધુ માહિતી મોબાઈલ ટુ સ્પોર્ટ્સ યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www. facebook. com/mobile2 sports તેમજ યુ-ટ્યુબ ચેનલની લીંક http:// www.youtube. com/channel/UCzsiROvtHpN4eKensUaz-g પરથી મળી શકશે.

# સુરતમાં ફાયર સેફટીના અભાવના કારણે ટ્રાઈડેન્ટ હોસ્પિટલ સીલ

સુરત,

મજૂરાગેટ કૈલાસ નગરની ટ્રાઈડેન્ટ હોસ્પિટલને સેન્ટ્રલ ઝોને સીલ મારી છે. હરિનગર સોસાયટીના પ્લોટ નં. ૧ ૫૨ પાંચ માળની ટ્રાઈડેન્ટ હોસ્પિટલ આવેલી છે. આ રહેણાક મિલકતમાં હેતુફેર કરી હોસ્પિટલ ચલાવાઈ રહી હતી, જેથી મિલકતના બેઝમેન્ટ, ત્રીજો માળ, પાંચમો માળ, એસી રૂમ અને બીજા માળે ઓપરેશન થિયેટર સહિતના ભાગને સીલ કરવામાં આવ્યો હતો. બાકીના માળ ઉપર આઈસીયુ અને જનરલ વોર્ડના દર્દીઓને ત્રણ દિવસમાં અન્ય હોસ્પિટલમાં સ્થળાંતર કરવા સૂચના આપી હતી.

આથી મુદત પૂર્ણ થતાં જ મિલકતના બાકીના ભાગમાં સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ મિલકતમાં ફાયર સેફટીની સુવિધા અપૂર્તિ હોવાને કારણે કોવિડનાં બેડની ફાળવણી પણ રદ કરવામાં આવી હતી. રજિસ્ટર્ડ ઈજનેર તરીકેનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. ઉપરાંત આ મિલકતનો પ્લાન મંજૂર કરાવનાર આર્કિટેક્ટ પ્રદીપ સનમુખભાઈ ચોકસીનું રજિસ્ટર્ડ ઈજનેર તરીકેનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

# લીમખેડાના પાણીયા ગામે અજાણ્યા વાહનની અડફેટે વૃધ્ધાનું મોત

દાહોદ,

લીમખેડા તાલુકાના પાણિયા ગામે એક અજાણ્યા વાહનના ચાલકે એક ૬૫ વર્ષીય વૃદ્ધાને અડફેટમાં લેતા આ વૃદ્ધાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનુ મોત નિપજયાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના લુખાવાડા ગામે રહેતી ૬૫ વર્ષીય ગજરી બેન બારીયા ગત તારીખ ૯ મી ડિસેમ્બરના રોજ પાણીયા ગામેથી ચાલતી પસાર થઈ રહ્યા હતા અને રસ્તો ઓળંગતા વેળાએ એક અજાણ્યા વાહન ચાલકે પોતાના કબજાની વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી આ ગજરી બેનને અડફેટમાં લઈ જોરદાર ટક્કર મારી નાસી જતાં ગજરી બેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

આ સંબંધે મૃતક ગજરી બહેનના પતિ હીરાભાઈ છગનભાઈ બારીયા દ્વારા આ સબંધી લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# દેવગઢબારિયા નગરપાલિકાના રોજમદાર કર્મચારીઓને પગાર સુધારણાનો લાભ આપવા માંગ

દે.બારીઆ,

દેવગઢ બારિયા નગરપાલિકાના રોજમદાર કર્મચારીઓને પગાર સુધારણાના લાભ આપવા બાબતે ગુજરાત જનરલ કામદાર ફેડરેશન દાહોદ દ્વારા ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી હતી. છેલ્લા ૩૮ વર્ષથી ફરજ બજાવતા રોજમદારો હજુય પગાર સુધારણાના લાભથી વંચિત છે.

દેવગઢ બારિયા નગરપાલિકાના રોજમદાર કર્મચારીઓ જાહિરભાઈ ખોખર, હીરાભાઈ પટેલ, બળવંતભાઈ પટેલ, નસરૂદ્દીનભાઈ શેખ, ડીનાબેન દવે અને સુનિતાબેન ચૌહાણ છેલ્લા ૩૮ વર્ષોથી ફાયર વિભાગ, વોટરવર્કસ વિભાગ, દીવાબત્તી વિભાગ અને બાલ મંદિરમાં રોજમદાર તરીકે ફરજ બજાવે છે. તેઓને તા.૨૪/ ૦૮/૨૦૦૯ના પગાર સુધારણા પરિપત્ર અન્વયે તેમજ અન્ય પ્રવર્તમાન મળવાપાત્ર લાભો અત્યાર સુધી આપવામાં આવેલ નથી. તેથી આજ રોજ નગરપાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર આપીને ગુજરાત જનરલ કામદાર ફેડરેશન દાહોદ દ્વારા દિન-૧૫ માં પગાર સુધારણાનો લાભ આપવા માંગ કરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 93

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## એક તરફ ડીજીટલ સેવાઓના દાવાઓ વચ્ચે

# પંચમહાલ જીલ્લામાં ઈ-ગ્રામ સેવાઓ ઠપ્પ : લાંબા સમયથી ૨૨ સેવાઓ બંધ

- જુદી જુદી ૨૨ જેટલી સેવાઓ ઘર આંગણે લાભ મળે તે હેતુથી યોજના કાર્યરત.
- સેવાઓ બંધ હોવાના કારણે ગ્રામજનોને તાલુકાના ધરમધક્કા અને મુશ્કેલી.
- શુભ હેતુથી શરૂ કરવામાં આવેલી યોજના કયા કારણોસર બંધ થતા તપાસની માંગણી.
- ૩ એજન્સીઓના સંચાલકો દ્વારા અપૂરતો સ્ટાફ અને સાધનોનો અભાવ.
- સરકાર દ્વારા નિયમિતપણે બારોબાર નાણાં ચુકવાય છે. પરંતુ સેવાના નામે મીંડું.
- આવી કરાર ભંગ કરનાર એજન્સીઓ સામે તપાસ કરવામાં આવે તેવી જીલ્લા પંચાયતના ભાજપા સભ્યની માંગ : સરકારની યોજનાની પોલ ખોલી.

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આવેલી ગ્રામ પંચાયતમાં સરકાર દ્વારા ઈ-ગ્રામ પ્રોજેકટ હેઠળ જુદી જુદી ૨૨ જેટલી સેવાઓ ઘર-આંગણે લાભ મળે તે હેતુથી કાર્યરત કરાયેલી કામગીરી છેલ્લા કેટલાક સમયથી બંધ હોવાના કારણે લાભાર્થીઓને છેક તાલુકા સુધી ધરમધક્કા ખાવા પડતા નારાજગી જન્મી છે. બીજી તરફ સરકાર દ્વારા નિમણૂંક કરવામાં આવેલ ૩ એજન્સીઓને નિયમીતપણે કોન્ટ્રાકટ મુજબ રકમ ચુકવવામાં આવતાં એજન્સીઓ સામે જરૂરી તપાસ કરાવી નિયમોનુસારની કાર્યવાહી થવા તથા કરાર ભંગ કરનાર એજન્સીઓના કરાર રદ કરવા અંગેની માંગ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે.

રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવીને તાલુકા તથા જીલ્લાકક્ષા એ સરકારની તમામ યોજનાઓના લાભ માટે નિર્થક દોડધામ ન કરવી પડે અને ગ્રામ પંચાયત કચેરીએથી ઘર અંગાણે લાભ મળી રહે તે માટે ડીજીટલ સેવા સેતુનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. ગ્રામ્યકક્ષાએ સ્થાનિક ગણાતી એવી ૨૨ જેટલી જનસેવાઓની યોજનાઓનો ઈ-ગ્રામ હેઠળ લાભ મળી રહેવાના કારણે જિલ્લાના લોકોમાં આનંદની લાગણી વ્યપેલી છે. પરંતુ પંચમહાલ જિલ્લામાં ઈ-ગ્રામની કામગીરી સરકારી ચોપડા ઉપર અને વાસ્તવિકતાથી અલગ જણાય છે. સરકાર દ્વારા ગામડાના છેવાડાના લોકો સુધી ઘર આંગણે ગ્રામપંચાયતમાં વિવિધ સેવાઓ જેવી કે, જન્મ – મરણના દાખલા, જાતિ તથા આવક પ્રમાણપત્ર, વેરા વસુલાત, જમીન પત્રકો (૭/૧૨,૮-અ,) સરકારી વિભાગના ડેટા, લાઈટ બિલ, ઈ રેશનકાર્ડ કુપન, આઈ- કિસાન ફાર્મર રજીસ્ટ્રેશન તથા અન્ય સેવાઓ માટે ઈ-ગ્રામ હેઠળ પંચાયતોમાં કોમ્યુટર, સ્કેનર, પ્રિન્ટર, વેબ કેમ, યુ.પી.એસ. સહિત તમામ સાધનો આપેલ છે. સાથે સાથે નેટ કનેકશનમાં વી-સેટ નેટવર્ક સાથે હાઈ સ્પીડ કનેકશનો પણ આપવામાં આવેલા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ૮૦ % ગ્રામપંચાયતોમાં કામગીરી થતી નથી અને લાંબા સમયથી કોણ જાણે કેમ કામગીરી ઠપ બનીને તમામ સેવાઓથી પંચમહાલ જિલ્લાના ગ્રામજનો વંચિત જોવા મળે છે. આજ પરિસ્થિતિ સમગ્ર રાજયમાં જોવા મળે છે. સ્થાનિક કક્ષા એ સુવિધા ન મળતા તાત્કાલીક જ્યારે આ સેવાઓ માટે તાલુકા મથક વારંવાર આવવું પડતા તેમના સમય અને નાણાંનો વ્યય થતા તેઓમા નારાજગી છવાયેલી જોવા મળે છે.

### ઈ-ગ્રામની વિજીલન્સ તપાસ કરાવવી

સરકાર દ્વારા સમગ્ર રાજયમાં ગ્રામજનોના હિતમાં ઈ-ગ્રામ યોજના અમલમાં મુકેલ છે અને કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહેલ છે. પરંતુ તેની નિભાવણી, સાચવણી અને તપાસણી થતી ન હોઈ સમગ્ર રાજયના ગ્રામ્ય વિસ્તારના લોકો ઈ-ગ્રામ યોજનાનો લાભ મળતો નથી. જેથી ઈ-ગ્રામની વિજીલન્સ તપાસ કરાવવી કરારનો ભંગ કરતી એજન્સીઓના કરાર રદ કરી કાર્યક્ષમ એજન્સીઓ સદર કામગીરી સુપ્રત કરવાથી ડીજીટલ સેવા સેતુનો ધ્યેય સિધ્ધ થઈ શકે તેમ છે.

### મોટાભાગની પંચાયતમાં સાધનો બિન ઉપયોગ પડી રહ્યાં છે

જીલ્લા પંચાયતના સભ્ય ગોપાલભાઈ પટેલે આ બાબતે વધુમાં જણાવ્યું કે, જિલ્લા પંચાયત દ્વારા જણાવેલ છે કે, સરકારે એજન્સી નકકી કરેલ છે. પરંતુ એજન્સી દ્વારા આ કામગીરી કરવા માટે કોઈ જવાબદાર વ્યકતિઓ કે ઓપરેટરો મુકેલ નથી અને જિલ્લાની મોટાભાગની પંચાયતમાં સાધનો બિન ઉપયોગ પડી રહેલ છે.

હાલમાં પણ વિવિધ પંચાયતો ખાતે કલકેટર સેવા માટે નવીન કેબલ લાઈનો નાંખવાની કાર્યવાહી પ્રગતિમાં છે. જે કામોની ગુણવતા જળવાય તે અનિવાર્ય છે.

સરકાર દ્વારા નામાંકીત ત્રણ એજન્સી નિમણૂંક કરવમાં આવીને વર્ષે કરોડો રૂપીયા ચુકવવામા આવે છે. એજન્સીઓ દ્વારા ગ્રામપંચાયતમાં નિયમિત ઈ-ગ્રામની કામગીરી ચાલે તેવી કાર્યવાહી કરવાની હોય છે. પરંતુ કરવામાં આવતી નથી. જેથી આવી એજન્સીઓ સામે કરાર મુજબ કાર્યવાહી કરવાના સરકારની કક્ષાએથી હુકમો થવા જરૂરી છે.

આમ જિલ્લા પંચાયતની કક્ષાએથી કરેલ રીર્પોટના આધારે સરકારમાં કરી સરકારના કરોડો રૂપિયા આવી મૃત પાય એજન્સીઓને ન કરેલ કામગીરી પેટે સરકારે મોટી રકમના બીલો ચુકવવા પડે છે.


આ યોજના જિલ્લામાં નિષ્ફીય છે. બંધ ગ્રામપંચાયતોની કોઈ માહિતીનો પત્રક પણ આપવામાં આવેલ નથી. અને કરેલ કામગીરીનો કોઈ અહેવાલ પણ નથી.

સરકારી કાર્યક્રમોમાં પણ આ બાબતે રજુઆતો મળેલ છે. આ સેવાઓ ન મળવાને કારણે લોકોમાં રોષની લાગણી છે. અને રાજય સરકારની ખોટી છાપ ઉભી થયેલ છે. કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થયેલ છે. પરંતુ નકકર અમલીકરણ થયેલ નથી. કામગીરીની દેખરેખ તથા નિભાવ અંગેની તમામ જવાબદારી સરકાર દ્વારા નકકી કરેલ એજન્સીની છે. તેવા જવાબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અગાઉ આપવામાં આવેલ છે. આથી, આવી એજન્સીઓને રદ કરવી કાંતો કામગીરી શરૂ કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

ઉપરાકત બન્ને બાબતોએ કલેકટર કક્ષાએથી વિગતવાર અહેવાલ મંગાવી અને જવાબદારો સામે નિયમોનુસારની કાર્યવાહીના હુકમો કરવા માંગ કરાતા ખળભળાટ મચી ગયો છે.

### બારોબાર સરકારના કરોડો રૂપિયાનું ચુકવણું

પંચમહાલ જિલ્લામાં ઈ-ગ્રામની કામગીરી માં રાજય સરકારશ્રી મારફતે એજન્સીઓ મુકવામાં આવેલ છે . જેમાં (૧) જે.કે.વી સોલ્યુશન પ્રા.લિ. વસ્ત્રાપુર , અમદાવાદ (૨) આર્મી ઈન્ફોટેક, અમદાવાદ અને (૩) ભારતી એરટેલ , અમદવાદ હતી. ગુજરાત ફાઈબર ગ્રીડ લીમીટેડ કંપની ગાંધીનગર દ્વારા સદર પંચાયતોમાં વિના વિલંબે નેટ કનેકટીવીટી મળે તે માટેના સાધન સામગ્રી મુકવાની છે. પંચમહાલ જિલ્લામાં ઉપરાંત એજન્સીઓને કામગીરી માટે મોટી રકમની ચુકવણી કરવામાં આવે છે. પરંતુ જિલ્લાની ગ્રામપંચાયતોમાં આ કામગીરી થતી નથી અને બારોબાર સરકારના કરોડો રૂપિયાનું ચુકવણું પંચાયતોમાં ઈ -ગ્રામ કાર્યરત છે. તેમ બતાવીને ચુકવી દેવામાં આવે છે. જે એક તપાસનો વિષય બન્યો છે.



ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર ઓવલ દેલોલ ગામ પાસે બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટ્રક અને બાઈકને આગ લાગી હતી. લાગેલ આગમાં બન્ને વાહનો બળીને ખાખ થઈ જવા પામ્યા હતા. સદ્નસીબે જાનહાનિ ટળી હતી.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ રસ્તા પર સહયોગ હોટલ પાસે એક ગાયનું અકસ્માત થતાં ગંભીર હાલતમાં ઘવાઈ હતી. ૧૯૬૨ નંબર ઉપર જાણ કરતાં ગોધરા કરૂણા ટીમના ડો. ભૌમિક પંચાલ અને પાયલોટ રાજેન્દ્ર ચૌહાણ તુરંત જ ઘટના સ્થળ પર પહોંચી સારવાર પૂરી પાડી હતી અને મોતના મુખમાંથી બચાવી હતી. સારવાર કર્યા બાદ ઘાયલ પશુને ગોધરા પરવડી પાંજરાપોળ ખાતે ખસેડવામાં આવી હતી.

# ઘોઘંબાના કાંટાવેડા ગામે દિપડાને પકડવા મુકેલ પાંજરા માંથી બકરીનું મારણ કરી દિપડો નાસી છુટયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના કાંટાવેડા તેમજ ગોયાસુંડલ ગામોમાં આદમખોર દિપડાના હુમલામાં બે માસૂમ બાળકોના મોતની ઘટના બનવા પામી છે. ત્યારે લાંબા સમયથી લોકોની માંગને અવગણના કરતું ફોરેસ્ટ વિભાગ સફાળું જાગ્યું હોય તેમ લાગ્યું છે. આદમખોર દિપડાને પાંજરે પુરવા માટે ઘટનાવાળા ગામો તેમજ જંગલ વિસ્તારોમાં પાંચ જેટલા પાંજરામાં મારણ મૂકીને દિપડાને ઝડપી પાડવાનું ઓપેરશન હાથ ધરવામાં આવ્યું છે. ગતરાત્રીના સમયે કાંટાવેડા ગામે દિપડાને પકડવા મૂકેલ પાંજરામાં રાખેલ બકરીનું દિપડા એ મારણ કરી પાંજરામાંથી નાશી છુટીયો હતો.

ઘોઘંબાના કાંટાવેડા અને ગોયાસુંડલ ગામોમાં ૮ ડિસેમ્બરના રોજ આદમખોર દિપડાના હુમલામા બે માસૂમ બાળકોના મોત નિપજાવાની ઘટનાથી ઘોઘંબા પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. એક જ દિવસમાં બે માસૂમ બાળકોને દિપડા એ હુમલો કરીને મોત નિપજાવી દેવાની ઘટનાથી ઘટના પહેલા પણ દિપડાના હુમલામાં એક બાળકનું મોત અગાઉ થઈ ચુકયું હતું. ત્યાંથી અંતરીયાળ વિસ્તારના ગામોના

### પાંચ પાંજરા મૂકી ફોરેસ્ટ વિભાગ દિપડાની રાહ જોવાઈ રહી છે. ત્યારે દિપડો પકડાશે ખરો

ઘોઘંબા પંથકના અંતરીયાળ ગામોના લોકોમાં ફફડાટ અને ભયનો માહોલ છવાઈ જવા પામ્યો છે. ઘોઘંબા તાલુકામાં બે બાળકો દિપડાના હુમલામાં મોત થવાની રહિશો દ્વારા દિપડાને પાંજરે પુરવાની માંગ કરાઈ રહી હતી. તેમ છતાં ફોરેસ્ટ વિભાગે હિંસક

(અનુ.પાના.નં.૨)

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૪૪૬ થયો

ગોધરા, પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૨ પોઝીટીવ કેસ સાથે તેમાં ગોધરામાં-૦૮, હાલોલ-૦૧, કાલોલ-૦૨,શહેરા-૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની

- ૨૨ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૨૬.
- મૃત્યુ આંક - ૧૨૩.

અત્યાર સુધીનો કુલ આંક ૩૪૪૬ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૨ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## શહેરના કડીયાવાડમાં ડાૅ. મઝાહીર મીઠીબોરવાલા દ્વારા મકાન નિર્માણ કરાઈ રહ્યું હતું.

# ગત ઓકટોબર માસમાં રજુ કરેલી અરજી બાદ બે માસ બાદ ગોધરા પાલિકા જાગી

- જે તે સમયે છ જેટલી જૈન ધર્મની મૂર્તિ મળી આવતાં બાંધકામ અટકાવવાની અરજી કરાઈ હતી.
- પાલિકા બે માસ જાગીને બિલ્ડીંગને સીલ મારવા સાથે પ્રવેશ બંદી કરવામાં આવી.
- બે માસ જેટલો સમય વિતવા છતાં પાલિકા ઘોર નિંદ્રામાં રહેતા બાંધકામ કરતાને છુટછાટ અપાતા મકાનનું કામ પૂર્ણ કર્યુ હોવાનો આક્ષેપ.



ગોધરા, ગોધરાના કડીયાવાડ ચોકમાં ડાૅ. મઝાહીર મીઠીબોર વાલા દ્વારા મકાન નિર્માણ અર્થેના ખોદકામ કરતી વખતે પુરાતન અવશેષો મળી આવ્યા હતા અને છ જેટલી જૈન ધર્મની મૂર્તિઓ સગેવગે કરવામાં આવતાં બાંધકામ અટકાવી દેવા અંગે અરજદાર દ્વારા ગત ઓકટોમ્બર માસમાં અરજી અપાઈ હતી. પરંતુ ગોધરા નગરપાલિકા બે માસ બાદ મોડે મોડે જાગીને બાંધકામ અટકાવવા સાથે મકાનને સીલ મારવામાં આવતાં આશ્ચર્ય સાથે ખળભળાટ મચી ગયો હતો.

ગત તા.૮/૧૦/૨૦૨૦ના રોજ અરજદાર આરીફ એસ.ચાયમન દ્વારા ગોધરા નગરપાલિકાના મુખ્ય અધિકારીને કરવામાં આવેલી અરજીમાં જણાવ્યુંહતું કે, ગોધરાના કડીયાવાડ ચોક વિસ્તારમાં આવેલ ડો .મઝાહીર મીઠીબોરવાલા દ્વારા એક બિલ્ડીંગનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે. તે બિલ્ડીંગના પાયા તથા ગાડીઓ માટે પાર્કિંગની વ્યવસ્થા કરવાના હેતુસર ભોયતળીયાના ખોદકામ કરતા હતા. તે સમય દરમ્યાન નાની મોટી જૈન ધર્મ ની આશરે ૨૦૦ થી ૫૦૦ વર્ષ જૂની છ જેટલી મૂર્તિઓ ખોદકામ દરમ્યાન મળી આવેલ છે. જે મૂર્તિઓને બિલ્ડીંગ કોન્ટ્રાકટર તેમજ તે જગ્યાના માલિક ડાૅ.મઝાહીર મીઠીબોરવાલાએ આ અંગે વહીવટીતંત્રને કે પુરાતન વિભાગને જાણ કર્યા વગર આ બન્ને વ્યકિતઓના મેળાપીપણામાં આ મૂર્તિઓને બારોબાર અજ્ઞાત જગ્યાએ મૂકાવી દીધેલ છે. અને આ જગ્યા ઉપર વધુ ખોદકામ ન કરી તે જગ્યા ઉપર માટી પુરાણ કરી બારોબાર સ્લેબ ભરી દીધેલ છે. જેથી વધુ આના પુરાવાઓ મળી શકે નહી અને એક ધાર્મિક બાબત ઉભી ન થાય અને પોતાના અંગત સ્વાર્થને સાધવા માટે આ બન્ને વ્યકિતઓએ એક કાયદેસરની ગંભીર ભૂલ કરેલ છે.

જેથી અરજદારની માંગણી છે કે, આ જગ્યાઓ ઉપર તંત્રના માર્ગદર્શન હેઠળ તે સ્થળ પર વધુ ખોદકામ કરવામાં આવે તો વર્ષો જુના પુરાતન અવશેષો

(અનુ.પાના.નં.૨)

### મહાકાળી મંદિર થી લઈને સોનીવાડ સુધી જમીનમાં પુરાતત્વ અવશેષો ધબરાયેલ છે

ગોધરા શહેર એક ઐતિહાસીક નગર છે. જૈન મંદિરો હોવાની સાથે જુના પુરાણા મકાનો નીચે પુરાતન અવશેષો ધબરાયેલા જોવા મળે છે. જાણવા મળ્યા અનુસાર મહાકાળી મંદિર થી લઈને સોનીવાડ સુધીના આસપાસ વિસ્તારોના જુના મકાનોને નાશ કરવા સાથે નવિન બાંધકામ માટે જ્યારે જ્યારે ખોદકામ કરવામાં આવે છે. ત્યારે ઐતિહાસીક મૂર્તિઓ તથા વાવ તથા પથ્થર માંથી બનાવેલ બાંધકામના અવશેષો મળી આવેલા છે. આ વિસ્તારમાં ભૂતકાળમાં અનેક પુરાતન પુરાતત્વીય સામગ્રી મળી આવેલ છે.

### ગોધરા મામલતદાર કચેરીનું બાંધકામ આજ કારણોસર બંધ કરાયેલ છે

ગોધરા નગરની વચોવચ આવેલ મામલતદાર કચેરી અને પોલીસ મથકના જર્જરીત મકાનને નાશ કરીને આ સ્થળે નવિન બિલ્ડીંગ બાંધકામ માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. મકાનના પાયાના ખોદકામ દરમ્યાન પુરાતત્વ ધરાવતી મૂર્તિઓ મળી આવતાં વડોદરા પુરાતત્વ વિભાગની ટીમ દ્વારા દિવસો સુધી અભ્યાસ અને વધુ ખોદકામ મળતા હજુ આ સ્થળે પુરાતત્વના અવશેષો મળી આવવાની સંભાવના વ્યકત કરીને નવું બાંધકામ કે ખોદકામ અટકાવવાની સૂચના અપાઈ છે. બે-ત્રણ વર્ષ ઉપરાંતનો લાંબો સમય વિતવા છતાં સરકારે સમગ્ર જમીનને કોર્ડન કરીને બાંધકામ બંધ કરવામાં આવેલું છે. ત્યારે પાલિકા દ્વારા ખાનગી માલિકની જગ્યા પર આવા અવશેષોના પુરાવાઓ આપવા સાથે નવિન બાંધકામ બંધ કરવાની આવેલી અરજી પ્રત્યે દુર્લક્ષ સેવીને સરકારના કાયદાનો ભંગ કર્યો હોવાના આક્ષેપો ઉઠયા છે.